સાબરકાંઠાના શ્રેષ્ઠ સારસ્વતોનો સન્માન સમારોહ યોજાયો

બાયડ તા.૫

સાબરકાંઠા જિલ્લાના શ્રેષ્ઠ સારસ્વતોનો સન્માન સમારોહ રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના ચેરમેન શ્રીમતી જાગૃતિબેન પંડ્યાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. ૫ મી સપ્ટેમ્બર રવિવારના રોજ ડૉ. નલીનકાન્ત ગાંધી ટાઉન હોલ હિંમતનગર ખાતે શિક્ષક દિન નિમિત્તે જિલ્લાના અને તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકોનું સન્માન કરતા ચેરમેન શ્રીમતી જાગૃતિબેન પંડ્યાએ જણાવ્યું હતું કે, દેશના શિક્ષકોએ જ્ઞાનની ગંગા સતત વહેતી રાખી છે. શિક્ષકો જ્ઞાનના સ્રોતને ગામડાના છેવાડા વિસ્તાર સુધી પંહોચાડ્યું છે. તેમને તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યમાં જ્ઞાનના દિપને પ્રજ્જ્વલિત કરવાના યજ્ઞની વાત કરતા જણાવ્યું હતું કે, શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરીને દિકરીઓના ડ્રોપ આઉટ રેશિયાને ઘટાડ્યો છે. જયારે ગુણોત્સવ થકી શિક્ષણમાં ગુણાત્મક પરીવર્તન લાવ્યા છે. જેમાં શાળામાં ખૂટતી ભૌતિક સુવિધાઓ સજ્જ કરી છે. શાળામાં કમ્પ્યૂટર લેબનું નિર્માણ કરીને આધુનિક શિક્ષણની પ્રણાલીની રાજ્ય સરકારે શરૂ કરી છે. ચેરમેન શ્રીએ શિક્ષકની વાત કરતા જણાવ્યું હતું કે, શિક્ષકના વાણી, વર્તન અને આચરણ વિધાર્થીઓ પર ભારે અસર છે. શિક્ષકો દ્વારા અપાતુ મૂલ્યવર્ધિત શિક્ષણ થકી નયા ભારતની આધારશિલાનું નિર્માણ થઇ શકે છે. સાબરકાંઠા-અરવલ્લી સાંસદ શ્રી દિપસિંહ રાઠોડ, હિંમતનગર ધારાસભ્યશ્રી રાજેન્દ્રસિંહ ચાવડાએ પ્રસંગોચિત ઉદ્બોધન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લાના શ્રેષ્ઠ શિક્ષકો તથા પ્રતિભાશાળી બાળકોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ સારસ્વતોના સન્માન સમારોહમાં જિલ્લા કલેક્ટર શ્રી હિતેષ કોયા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી નીતિન સાંગવાન, જિલ્લા અગ્રણી શ્રી વિજયભાઇ પંડ્યા, કૌશલ્યાકુંવરબા, મહીલાઅને બાળ કલ્યાણ સમિતિના ચેરમેન શ્રીમતી રેખાબા, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી સંજય વ્યાસ, પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી હર્ષદ ચૌધરી, ડાયેટના પ્રાચાર્ય શ્રી કે.ટી.પોરાણીયા સહીત શિક્ષક સંઘના પ્રમુખ શ્રી તથા જિલ્લાના વિવિધ તાલુકામાંથી સારસ્વત મિત્રો ઉપસ્થિત રહ્યા હતા..

પ્રાંતિજ ખાતે જાલામુખી માતાના મંદિર ખાતે પૂજા-અર્ચના કાર્યક્રમ યોજાયો

વર્ષમાં એકવાર જાલામુખી માતાની પુજા કરવામા આવે છે : શ્રાવણ વદ ચોદસના દિવસે ધજા સહિત ફુલેર, મગ, સુકા શ્રીફળનો પ્રસાદ ધરાવવામા આવે છે : વર્ષમાં એકવાર સમાજના લોકો મંદિર ખાતે આવે છે

પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ભાંખરીયા ટેકરા ઉપર આવેલ જાલામુખી માતા ના મંદિર ખાતે પૂજા-અર્ચના કાર્યક્રમ યોજાયો હતો જેમા પ્રાંતિજ ખાતે રહેતા ભટ્ટ કનોજીયા સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

મધ્ય પ્રદેશના કનોજના રાણીના લગ્ન કચ્છના રાવ રાજા સાથે થયેલ અને તે સમયે દહેજ માં કનોજ થી પાંચ બ્રાહ્મણો રાણી સાથે કચ્છ મા આવ્યા હતા જેમા ભટ્ટ કનોજીયા સમાજ ના બ્રાહ્મણો કચ્છમાંથી ધંધા અર્થે હાલ મહે સાણા, હૈદરાબાદ, અમદાવાદ, તથા પ્રાંતિજ ખાતે પણ સ્થાયી થયા છે જેમા પ્રાંતિજ ખાતે પણ ભટ્ટ કનોજીયા સમાજના બ્રાહ્મણો સ્થાયી થયા હતા અને વર્ષો પહેલા જેતે સમયે તેવોની કુળદેવી જાલામુખી માતા મંદિર અહી ડેરી સ્વરૂપે બનાવ્યું હતુ અને આજે મોટા મંદિરમાં પરિવર્તન થયુ છે ત્યારે પ્રાંતિજ ખાતે ભટ્ટ કનોજીયા સમાજ ની વસ્તી ખુબ જ ઓછા પ્રમાણ મા છે પણ પ્રાંતિજથી પણ ધંધા અર્થે બહાર ગામ રહેવા ગયેલ પરીવારો પણ વર્ષ મા એકવાર ભટ્ટ કનોજીયા સમાજ ના લોકો ગમે તે સ્થળે રહેતા હોય પણ શ્રાવણ વદ ચોદસના દિવસે વર્ષમાં એકવાર અહી જાલામુખી કુળદેવી માતાના મંદિરે અચુક આવે છે અને વર્ષમાં એકવાર અહી પૂજા તથા ધજા રોહન કાર્યક્રમ યોજાય છે ત્યારે પ્રસાદ મા બાજરીની કુલેર, સુકા નાળિયેરનો પ્રસાદ, મગ ચડાવવામા આવે છે અને સમાજના ભાઈ-બહેનો વર્ષમાં એકવાર આ જાલામુખી કુળદેવી માતાના મંદિરે આવી પુજા અર્ચના કરી પ્રસાદ ચડાવી ધન્યતા અનુભવે છે તો કુળદેવીની અસલ જગ્યા પંજાબના વ્યાસની પાસે જાલામુખીનુ મંદિર આવેલ છે અને આજે પણ ત્યા બારેમાસ જાલાઓ ધકે છે.

વિશ્વ કલ્યાણ અર્થે અંબાજી મંદિર દ્વારા આયોજીત

મહાશક્તિ યજ્ઞમાં સેવા આપનાર ભુદેવોનું દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા કોરોના વોરિયર્સ તરીકે બહુમાન કરાયું

અંબાજી, તા. ૫

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ તથા શ્રી યાજ્ઞિક વિપ્રમંડળના સહયોગથી કોરોનાના કપરા સમયમાં અંબાજી મંદિરમાં વિશ્વ કલ્યાણ અર્થે તા. ૦૭. ૫. ૨૧થી તા. ૧૩. ૫. ૨૧ સુધી સાત દિવસ અલગ અલગ પ્રકારના મહાશક્તિ યજ્ઞોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોરોના વોરિયર્સ તરીકે પોતાની તંદુરસ્તીની પરવા કર્યા સિવાય જનકલ્યાણ અર્થે મહામારી સામે રક્ષણ મેળવવા તેમજ આ મહામારીમાં પોતાના જીવ ગુમાવનાર મૃતાત્માઓની શાંતિ અર્થે દૈનિક યજ્ઞો દ્વારા સહયોગ આપનાર ભુદેવોનું દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા પ્રમાણપત્ર અર્પણ કરી બહુમાન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટ દ્વારા આ યજ્ઞો કરનાર ભુદેવોની સેવાને બિરદાવી જણાવાયું છે કે, ભુદેવોની આ સેવા ખરેખર વંદનીય અને સરાહનીય છે. આ ભૂદેવો દ્વારા ભવિષ્યમાં પણ આવા જ પ્રકારનો સાથ અને સહયોગ મળતો રહે તેવી અપેક્ષા સાથે ટ્રસ્ટે ભૂદેવોને સન્માનપત્ર આપી મા જગદંબા તેમનું કલ્યાણ કરે તેવી અભ્યર્થના વ્યક્ત કરી છે.

ધનસુરા ટીચર્સ મંડળીના ચેરમેન તરીકે વિનયભાઈ પટેલની વરણી

ધનસુરા તા.પ્રા શિક્ષકોની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના ચેરમેન તરીકે વરણી

ધનસુરા, તા. ૫

ધનસુરા તા.પ્રા શિક્ષકોની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના ચેરમેન તરીકે વિનયભાઈ ધીરુભાઈ પટેલ ની વરણી કરાઈ હતી તારીખ ૦૪/૦૯/૨૦૨૧ ના રોજ ધનસુરા ખાતે જિલ્લાની નામાંકીત ધનસુરા ટીચર્સ મંડળી વ્યવસ્થાપક કમિટીની પ્રથમ કારોબારી સભા યોજાઇ હતી. મંડળી ના સદસ્યશ્રીઓ દ્વારા શિક્ષક હિતો તથા મંડળીના વિકાસને અનુલક્ષીને વિવિધ એજન્ડા તથા ઠરાવો સર્વાનુમતે પસાર કરવામાં આવ્યા હતા.મંડળી દ્વારા ૧૨% ડિવીડન્ડ ચૂકવણીને બહાલી અપાઇ હતી.જેમાં શિક્ષક મંડળીના ચેરમેન પદે શ્રી વિનયભાઇ પટેલ ધનસુરાની સર્વાનુમતે વરણી કરાઈ હતી તેમની વરણી થતા બી.આર.સી મનીષભાઇ પટેલ,કૌશીકભાઇ પટેલ તથા દેવાંગ પટેલ શીકા સહિત સૌ શિક્ષકો એ અભિનંદન પાઠવ્યા હતા.

પત્નિને ડાકણનો વહેમ રાખી કુહાડી ઝીંકી

સગો બાપ કાળ બન્યો : વૈડી ડેમમાં ૩ સંતાનોને ફેંકી મોતને ઘાટ ઉતાર્યા

હચમચાવનારી ઘટનાથી જિલ્લાની પ્રજા સ્તબ્ધ

બાયડ (બ્યુરો ઓફિસ), તા. ૫

મેઘરજ તાલુકાના રમાડા ગામે સગો બાપ કાળ બન્યો હોય તેમ પત્નિને ડાકણ હોવાનો વહેમ રાખી કુહાડી વડે હુમલો કર્યા પછી ૩ સંતાનોને વૈડી ડેમના પાણીમાં નાખી મોતને ઘાટ ઉતારતાં સનસનાટી મચી છે. ઈસરી પોલીસે ૩ સંતાનોની હત્યારા બાપ જીવા કચરા ડેડુણ સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

જિલ્લાના ઈસરી પોલીસ સ્ટેશનમાં નોંધાતા અનેક ગંભીર ગુનાઓ રાજયના પોલીસ તંત્રને અવારનવાર હરકતમાં લાવી દીધું છે. અહીંમાં ખાખી વર્દીની હીલચાલ પર શંકામાં આવતા કેટલાક પોલીસ અધિકારીઓને ફરજ મોકુફીના આદેશ થયેલા છે. તાલુકાના રમાડા ગામના જીવા જેડુણને તેની પત્ની જીવીબેન ડાકણ હોવાનો વહેમ રાખી ગતરોજ કુહાડી વડે જીવલેણ હુમલો કર્યા પછી ઝઝૂનમાં આવી જઈ ૩ માસુમ સંતાનોને વૈડી જેમ રાત્રીના સમય દરમિયાન લઈ ગયોહતો જયાં એક પછી એક ૩ સંતાનોને ફેંકી દેતાં ડૂબી જવાથી મોત નિપજયા હતા. સવારે ડેમના પાણીમાં કેટલાક મૃતદેહ તરતા હોવાનું જણાતાં ખળભળાટ મચ્યો હતો. પોલીસને જાણ કરવામાં આવતા સમગ્ર હિચકારા હત્યાકાંડનો પર્દાફાશ થતો હતો. સગો બાપ કાળ બન્યાની ઘટનાએ સમગ્ર જિલ્લામાં ધિક્કારની લાગણી જોવા મળી હતી. બનાવ અંગે મોટી પડુલી ગામના કલજીભાઈ જીવાજી ડામોરની ફરીયાદના આધારે ઈસરી પોલીસે જીવા ડેડુણ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મૃતકોની યાદી

જીનલ જીવા ડેડુણ ઉ. ૯ વર્ષ
હાર્દિક જીવા ડેડુણ ઉ. ૭ વર્ષ
સોનલ જીવા ડેડુણ ઉ. ૨ વર્ષ
તમામ રહે, રમાડ, તા. મેઘરજ.

હત્યારો પિતા જબ્બે, આત્મહત્યાનો પ્રયાસ

બાયડ, તા. ૫

પત્નિ ડાકણ હોવાનો વહેમ રાખી કુહાડીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારના પ્રયાસ પછી ૩ સંતાનોને વૈડી ડેમમાં નાંખી મોતને ઘાટ ઉતારનાર હત્યારો પિતા પોલીસના સકંજામાં આવી ગયો છે તેને આત્મહત્યાનો પ્રયાસ કર્યા હોવાથી પોલીસ જામામાં રાખવામાં આવ્યો હોવાનું જાણળા મળેલ છે. જાણવા મળ્યા પછી હત્યારાએ ઝાડ ઉપર લટકી આત્મહત્યાનો પ્રયાસ કર્યો પરંતુ તાબડતોબ ૧૦૮ મારફતે સારવાર મળતાં બચાવી લેવાયો હતો.

પાલનપુર શહેરમાં સૈન્યના જવાનોના હસ્તે 'ધ સિક્રેટ કિચન'નું ઉદ્ઘાટન કરાયુ

પાલનપુર, તા. ૫

પાલનપુર શહેરમાં સૈન્યના જવાનોના હસ્તે ધ સિક્રેટ કિચનનું ઉદ્ઘાટન કરાયુ હતુ. દેશના જવાનોની સેવા પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવા શેફ આનલ કોટકની અનોખી પહેલ પાલનપુર ૪ સપ્ટેમ્બર ૨૦૨૧ - ગુજરાતની ઝડપથી વિકસી રહેલી પ્રિમિયમ રેસ્ટોરન્સ ધ સિક્રેટ કિચનનો શનિવારે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર શહેરમાં અનોખી રીતે પ્રારંભ થયો હતો . ભારતીય સૈન્યના ૧૫ જવાનોના હસ્તે આ રેસ્ટોરન્સનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.લ શ્કરના જવાનોના હસ્તે રેસ્ટોરન્સના કોચિંગ પ્રસંગને યાદગાર બનાવવા માટે ૫૧ કિલોની તિરંગા બિરયાની બનાવવામાં આવી હતી .

આ બિરયાની સ્વૈચ્છિક સંસ્થા ઈનરવિલના સહયોગથી પાલનપુરના ગરીબ બાળકોમાં વહેંચવામાં આવી હતી.આ પ્રસંગે ધ સિક્રેટ કિચનના શેફ આનલ કોટકે જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાના પાલનપુરના શહેરીજનો માટે સ્વાદિષ્ટ અને પ્યોર વેજ રેસ્ટોરન્સ શરૂ કરતાં હું ખૂબ આનંદ અનુભવી રહી છું . હું હંમેશા માનું છું કે કોઈપણ શહેર કે દેશ વખણાય છે તેની સુરક્ષાથી, એની ગરિમાથી ,ભારતીય સૈન્યના જવાનો આપણા માટે દિવસ - રાત સતત ખડેપગે ઉભા રહે છે. પોતાના જીવનને જોખમમાં મૂકીને આપણી રક્ષા કરે છે . જવાનોના આ અનોખા બલિદાનને હું નમન કરું છું અને આ રેસ્ટોરન્સનું સૈન્યના જવાનોના હસ્તે ઉદ્ઘાટન કરાવીને તેમના પ્રત્યે હું આભાર વ્યક્ત કરું છું . 'ધ સિક્રેટ કિચન ગુજરાતની ઝડપથી વૃદ્ધિ પામી રહેલી રેસ્ટોરન્સ છે.

સેલિબ્રેટી શેફ આનલ કોટકનું સાહસ ધ સિક્રેટ કિચન ભારતીય અને વિદેશી વ્યંજનોનો રસથાળ પીરસે છે. ભારતીય ભોજન પ્રત્યેનો શેફ આનલ કોટકનો પ્રેમ રેસ્ટોરન્સના મેનુમાં જ દેખાઈ આવે છે . રસોઈ શોથી કારકિર્દી શરૂ કરીને આનલ હાલ ગુજરાતના સૌથી યુવા કૂકિંગ એકસપર્ટમાં સ્થાન ધરાવે છે. રોબિનહૂડ આર્મીની સાથે મળીને તેમણે ગરીબ પરિવારોને ભોજન પહોંચાડવા માટે અભિયાન પણ ચલાવ્યા છે.

પાલનપુર સિવિલમાં વધુ કેસ બારી ચાલુ કરવા લોક માંગ

સિનીયર સીટીઝન, વિકલાંગ સહીતના વ્યક્તિઓના કેસ કાઢવા ખાલી પોસ્ટર લગાવાયાં છે

પાલનપુર, તા. ૫

પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દર્દીઓનો ઘસારા વધુ રહે છે.જેની સામે માત્ર બે કેસ બારી છે.જેથી વધુ કેસ બારી ચાલુ કરવાની જરૂર છે. બનાસકાંઠાના પાલનપુરમાં આવેલ સિવિલ હોસ્પિટલમાં જિલ્લામાંથી દર્દીઓ સારવાર માટે આવતા હોય છે.જેથી દિવસના ૫૦૦ ઉપરાંતના કેસ નિકળતા હોય છે.જેમાં અત્યારે માત્ર બે કેસ બારી હોવાના કારણે દર્દીઓની લાંબી કતારો લાગેલી જોવા મળે છે.અને કેટલાક વિકલાંગ તેમજ સિનીયર સીટીજન દર્દીઓને કેસ કઢાવવો હોય તો મુશ્કેલી પડતી હોય છે.જેથી સિવિલ હોસ્પિટલ દ્વારા કેસ બારી તેમજ દવાઓ આપવા માટે અલગથી વિભાગ ઉભો કરી સુંદર વ્યવસ્થા ઉભી કરાઇ છે.પરંતુ કેસ બારી માત્ર બે ચાલુ છે.તેમજ સિનિયર સિટીજન,વિકલાંગ સહીતના પોસ્ટરો લગાવેલા છે.પરંતુ ત્યાં સ્ટાફ બેસાડેલો ન હોવાના કારણે જનરલ લોકોની લાઇનોમાં ઉભા રહીને કેસ કઢાવવો પડતો હોય છે.જેથી ઝડપથી સિનીયર સીટીજન અને વિકલાંગ દર્દીઓની બારી પર સ્ટાફ બેસાડી કેસ બારી અલગથી ચાલુ કરવામાં આવે તેવી દર્દીઓની માંગ ઉઠી રહી છે.

પાલનપુર ગણેશપુરા આંબાવાડી વિસ્તારમાં પીવાના પાણીની મોંકાણ

પાલનપુર, તા. ૫

પાલનપુર ગણેશપુરા આંબાવાડી વિસ્તારમાં છેલ્લા પંદર દિવસથી પીવા તેમજ વાપરવાનું પાણી ન આવતા મહિલાઓ રોશે ભરાઇ હતી.અને પાલિકાના સત્તાધિસો વિરૂધ્ધ છાજીયા લઈ હોબાળો મચાવી વિરોધ નોંધાવવામાં આવ્યો હતો.તેમજ આગામી સમયમાં અમારા વિસ્તારને પાણી પુરૂ પાડવામાં નહી આવે તો પાલીકામાં જઈ વિરોધ કરવાની ચિમકી આપવામાં આવી છે. પાલનપુર શહેરમાં ધરોઈનું પાણી પુરતા પ્રમાણમાં ન આવતા શહેરમાં પાણીને લઈ બુમરાડો ઉઠી છે.જેમાં પાલનપુર ગણેશપુરા આંબાવાડી,લંગર વાસ સહીતના વિસ્તારોમાં છેલ્લા પંદર દિવસથી પાલિકા દ્વારા પાણી ન આપવામાં આવતા રહીશોને ઘર કામ તેમજ પીવાના પાણી માટે વલખા મારવા પડી રહ્યા છે.આ બાબતે પાલિકામાં તેમજ સ્થાનિક નગર સેવકોને રજૂઆત કરવા છતાં પાલિકા દ્વારા પાણી આપવામાં ન આવતુ હોવાથી રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.જેથી શુક્રવારના રોજ લંગર વાસની મહિલાઓએ ભેગા મળી પાલિકાના સત્તાધીસોના વિરોધમાં હોબાળો મચાવી છાજીયા લઈ વિરોધ કરવામાં આવ્યો હતો.તેમજ આગામી દિવસોમાં પાણી નહી આપવામાં આવે તો પાલીકામાં જઈ વિરોધ નોંધાવવાની ચીમકી ઉચ્ચારી હતી.જેથી ઝડપથી પાણીની વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિક રહીશોની માંગ છે.આ અંગે સ્થાનિક રહીશોએ જણાવ્યુ હતુ કે પાલિકાનો નિયમીત વેરો ભરપાઇ કરીએ છીએ તેમ છતાં જ્યારે પાણી છોડવામાં આવતુ હતુ.તે સમયે દર મહીને પાણીના ઓપરેટરને એક મકાન દિઠ રૂ.૨૦ આપવામાં આવે તોજ નાયમીત પાણી આપતા હતા.અને જો રૂ. ૨૦ ન આપે તો તમામ વિસ્તારને પાણી આપતા નથી.અને અત્યારે તો છેલ્લા પંદર દિવસથી પાણી આપવામાં આવ્યુ નથી જેથી આ બાબતે પાલિકા દ્વારા તપાસ કરવામાં આવે તે જરૂરી છે.